કિન્નરોના મામલે સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

નવી દિલ્હી,તા. ૧૫

સુપ્રીમ કોર્ટે આજે વધુ એક ઐતિહાસિક અને દુરગામી ચુકાદો આપ્યો હતો. આ ચુકાદાના ભાગરૂપે હવે દેશના કિન્નરોને ત્રીજી જાતિ અથવા તો લિંગ તરીકે માન્યતા આપી દીધી છે. કિન્નરોને ત્રીજી જાતિ તરીકેનો દરજ્જો આપવામાં આવ્યા બાદ તેમની સ્થિતીમાં વધુ સુધારો થવાની શક્યતા દેખાઇ રહી છે. સુપ્રીમ કોર્ટના આજના ચુકાદા બાદ કિન્નરો હવે ત્રીજી જાતિ તરીકે ગણવામાં આવશે. તેમની ઓળખ પણ આ રીતે જ થશે. સુપ્રીમ કોર્ટે આ ઐતિહાસિક ચુકાદો આપતી વેળા કેન્દ્ર અને રાજ્ય સરકારો માટે નવી માર્ગદર્શિકા પણ જારી કરી દીધી છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે ટ્રાન્સજેંડર્સને પુરૂષ અને મહિલાઓ ઉપરાંત ત્રીજી જાતિમાં ગણવામાં આવશે. આની સાથે સાથે અનામત અને બીજી ખાસ જોગવાઇઓ કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે કિન્નરોની ગણતરી આર્થિક રીતે અને સામાજિકરીતે નબળા અને પછાત તરીકે કરવામાં આવે તે જરૂરી છે.અગાઉ કિન્નરો સાથે ખરાબ વર્તન જુદી જુદી જગ્યાએ કરવામાં આવતુ હતુ. પરંતુ હવે તેમને ત્રીજી જાતિ તરીકે ગણવામાં આવશે. સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં સાફ શબ્દોમાં કહ્યું છે કે ટ્રાન્સજેન્ડર્સને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ લેવા માટેની મંજૂરી આપવામાં આવશે. સાથે સાથે ત્રીજી જાતિ સાથે જોડાયલા છે તેવા આધાર પર રોજગારી પણ આપવામાં આવશે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે તેમની સાથે કોઇ પક્ષપાત ન થાય તે બાબતને મહત્વ આપવામાં આવશે. શિક્ષણ અને રોજગારીના ક્ષેત્રમાં હવે પક્ષપાત કરવામાં આવશે નહી. દેશમાં પ્રથમ વખત ત્રીજી જાતિ તરીકેની માન્યતા કિન્નરોને મળી ગઇ છે. સુપ્રીમે કહ્યું છે કે કિન્નરો્તવા તો ત્રીજી જાતિને હવે ઓબીસી તરીકે ગણવામાં આવશે. તેમને ઓબીસી ની જેમ લાભ આપવામાં આવશે. સુપ્રીમ કોર્ટે આ મહત્વપૂર્ણ ચુકાદો આપતા કહ્યું હતું કે રાજ્યો અને કેન્દ્ર સરકાર ત્રીજી જાતિના સમુદાય માટે ખાસ સામાજિક કલ્યાણ યોજના પણ શરૂ કરશે. સામાજિક દુ,ણને રોકવા જાહેર જનજાગૃતિ ઝુંબેશ ચલાવવા માટે રાજ્યોને કહેવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં કહ્યું છે કે રાજ્યોએ ખાસ જાહેર ટોઇવલેટ બનાવવી જોએિ. તેમની ખાસ મેડિકલ સાવચેતી લેવામાં ાવે તે જરૂરી છે. સુપ્રીમે તેના આદેશમાં કહ્યું છે કે જો એક વ્યક્તિ તેના સેક્સ અથવા તો જાતિને પરિવર્તન કરાવે છે તો તે સેક્સ બદલાવવા માટે અધિકાર ધરાવે છે. આમાં કોઇ પક્ષપાત કરી શકાય નહી.સુપ્રીમ કોર્ટના આજના ચુકાદાથી કિન્નર સમુદાયમાં ખુશીનુ મોજુ ફરી વળ્યું છે. ભારતમાં કિન્નર સમુદાયના લોકોને વધારે માનખથી જોવામાં આવતા નથી. પરંતુ આજના સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ કિન્નરોને તેમન મૂળભૂત અધિકારો મળી શકશે. તેમની લાઇફ સ્ટાઇલમાં સુધારો થઇ શકશે. તાજેતરના સમયમાં સુપ્રીમ કોર્ટ દ્વારા એકપછી એક ઐતિહાસિક ચુકાદા આપવામાં આવ્યા છે. આજના ચુકાદા બાદ હવે કિન્નરોને સામાજિક રીતે અપમાનની સ્થિતીનો સામનો કરવો પડશે નહી. તેઓ મહિલાઓ અને પુરૂષો બાદ હવે ત્રીજી જાતિ અથવા તો લિંગમાં ગણાશે. જે તેમના માટે પ્રતિષ્ઠાજનક બાબત રહેશે.

સંજય બારૂના પુસ્તકને લઇ મનમોહનસિંહની પુત્રી ખફા

નવીદિલ્હી,તા.૧૫

સંજય બારુના પુસ્તકના સંદર્ભમાં હવે વડાપ્રધાન મનમોહનસિંહની પુત્રીએ પણ પ્રતિક્રિયા આપી છે. સંજય બારુના વિવાદાસ્પદ પુસ્તકની વાત કરતા મનમોહનસિંહની પુત્રીએ કહ્યું છે કે, વડાપ્રધાનના વિશ્વાસનો બારુએ ભંગ કર્યો છે. આ પુસ્તકમાં અન્ય કોઇ વાત નહીં બલ્કે પીઢમાં છરો ભોંકવાનું કામ કર્યું છે. આ પુસ્તકમાં બિનવંશિય અને ગેરમાર્ગે દોરનાર તરીકે ગણાવીને

મનમોહનસિંહની પુત્રીએ તેની ટિકા કરી છે. દિલ્હી યુનિવર્સિટીમાં ઇતિહાસ ભણાવનાર મનમોહનસિંહની પુત્રી ઉપિન્દરસિંહે કહ્યું છે કે, બારુએ ગોસીપ અથવા તો જુદી જુદી ખોટી બાબતો ભેગી કરીને પુસ્તક બનાવીને લોકોને ગેરમાર્ગે દોર્યા છે. એક અંગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં ઉપિન્દર વડાપ્રધાનના ભૂતપૂર્વ મિડિયા સલાહકારના પુસ્તકના સમય અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. સામાન્ય ચૂંટણી નજીક છે ત્યારે આ પુસ્તક બજારમાં આવ્યું છે જેના કારણે પીએમઓ અને શાસક કોંગ્રેસ પાર્ટીની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો છે. તેમણે કહ્યું છે કે, કેટલાક લોકો દ્વારા યોજનાપૂર્વક આ કૃત્ય કરવામાં આવ્યું છે. બારુના પુસ્તકમાં એક્સિડેન્ટલ પ્રાઇમમિનિસ્ટર તરીકેની વાત કરવામાં આવી છે અને જણાવવામાં આવ્યું છે કે, પીએમઓમાં તેમની કોઇ વધારે ભૂમિકા ન હતી. સોનિયા ગાંધીના ઇશારે મનમોહનસિંહ કામ કરી રહ્યા હતા. ઉપિન્દરે કહ્યું હતું કે, તેઓ વડાપ્રધાન તરફથી વાત કરી રહ્યા નથી પરંતુ લેખક દ્વારા તેમના અંગે જે કંઇ પણ બિનજરૂરી વાતો લખવામાં આવી છે તેનાથી નારાજ છે. પુસ્તકના પ્રકાશિકે સમયની પસંદગી કરી છે તે અંગે વાત કરતા તેમણે કહ્યું હતું કે, કેટલાક પુસ્તકો હાલમાં લખવામાં આવ્યા છે.

કેજરીવાલ પર ચાલતા કેસ સામે સ્ટે મુકવાનો ઇનકાર

નવીદિલ્હી,તા. ૧૫

સુપ્રીમ કોર્ટે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને તેમની પાર્ટીના ત્રણ મોટા નેતાઓની સામે દાખલ કરવામાં આવેલા બદનક્ષીના કેસમાં નીચલી અદાલતમાં ચાલી રહેલી કાર્યવાહી ઉપર સ્ટે મુકવાનો આજે ઇન્કાર કર્યો હતો. ટેલિકોમ પ્રધાન કપિલ સિબ્બલના પુત્ર અમિત સિબ્બલે અરવિંદ કેજરીવાલ, સાજિયા ઇલ્મી, મનીષ સિસોદિયા અને પ્રશાંત ભુષણની સામે આધારવગરના આક્ષેપો કરવા બદલ આકરા પ્રહારો કર્યા હતા અને બદનક્ષીનો કેસ દાખલ કર્યો હતો. આમ આદમી પાર્ટીના નેતાઓ તરફથી દલીલ આપતા તેમના વકીલ જયંત ભુષણને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી કે, ટ્રાયલ કોર્ટની કાર્યવાહી ઉપર તે વખત સુધી સ્ટે મુકવાની જરૂર જ્યાં સુધી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી કોઇ અરજીનો ચુકાદો આપવામાં ન આવે. સુનાવણી કરી રહેલી બેંચે દલીલને ફગાવી દઇને કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટમાં માત્ર આ મામલાની સુનાવણી ઝડપી કરી શકાય નહીં. આ મામલાની વધુ સુનાવણી ૨૨મી જુલાઇએ હાથ ધરાશે.

દેશનો માર્ગ વધારે મહત્વનો છે : વરૂણ ગાંધીનો સ્પષ્ટ મત

સુલ્તાનપુર,તા. ૧૫

નહેરુ-ગાંધી પરિવારના સભ્યો વચ્ચે લોકસભાની ચૂંટણી માટે પ્રચાર ચરમસીમા પર છે ત્યારે આક્ષેપ બાજીનો દોર ચાલી રહ્યો છે. આજે પણ વરુણ ગાંધી અને પ્રિયંકાએ એકબીજા ઉપર પ્રહારો કર્યા હતા. સુલ્તાનપુરમાંથી ભાજપના ઉમેદવાર

તરીકે વરુણ ગાંધીએ ઉમેદવારીપત્ર ભર્યા બાદ વરુણે પણ આક્રમક અંદાજમાં નિવેદન કર્યુ હતું. વરુણે કહ્યું હતું કે, તેઓ દેશના માર્ગને વધુ મહત્વપૂર્ણ તરીકે ગણે છે. પ્રિયંકાને યોગ્ય રીતે જવાબ આપ્યો હતો. વરુણ ગાંધીખોટા માર્ગે છે તેવો દાવો અગાઉ પ્રિયંકાએ કર્યો હતો. પ્રિયંકાના નામનો ઉલ્લેખ કર્યા વગર સુલતાનપુરમાંથી ભાજપના ઉમેદવારે તેમના ઉમેદવારીપત્રો ભર્યા બાદ ગાંધી પાર્ક ખાતે ઉપસ્થિત લોકોને સંબોધતા કહ્યું હતું કે, રાષ્ટ્રના માર્ગને તે તેના પોતાના માર્ગ કરતા વધારે મહત્વપૂર્ણ ગણે છે. વરુણ ગાંધી વિશાળ રોડ શો યોજીને ઉમેદવારી પત્રો ભર્યા હતા. વરુણ ગાંધીએ કહ્યું હતું કે તે દેશની સેવામાં વધારે વિશ્વાસ રાખે છે. સુલ્તાનપુરના લોકો સાથે સીધા સંપર્ક કરવાના પ્રયાસરુપે વરુણે તેના પિતા સ્વર્ગસ્થ સંજય ગાંધીની વાત કરતા કહ્યું હતું કે, તેઓ કહેવા માંગે છે કે, આ મતવિસ્તાર સાથે તે લાંબા સમયથી જોડાયેલો છે. વરુણના માતા અને ભાજપના નેતા મેનકા ગાંધીએ રવિવારના દિવસે પ્રિયંકાની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, કોણ ખોટા માર્ગે છે તે અંગે નિર્ણય દેશના લોકો કરશે. જો વરુણ ખોટા રસ્તે છે તો આ અંગે દેશ નિર્ણય લેશે. ભાજપે પણ વરુણનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે તે યોગ્ય રસ્તા પર છે. ભાજપ પ્રમુખ રાજનાથસિંહે કહ્યું છે કે, વરુણ યોગ્ય માર્ગ ઉપર છે. જો કોઇ વ્યક્તિને ગેરમાર્ગે દોરવામાં આવે છે તો તેવું કામ કોંગ્રેસ કરે છે. વરુણે તેમના ભાષણમાં આક્રમક જવાબ આપ્યા હતા. વરુણે એમપણ કહ્યું હતું કે, દેશને હાલ મજબૂત નેતાની જરૂર છે અને નરેન્દ્ર મોદી આ લીડરશીપ આપી શકે છે. વરુણના રોડ શોમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. ઘણી જગ્યાએ મોદી-વરુણ જિંદાબાદના નારા લગાવવામાં આવ્યા હતા.

એરટેલ, વોડાફોને ટેરિફમાં વધારો કર્યો

ટેલિફોન બિલમાં આગામી મહિનાથી નોંધપાત્ર વધારો

નવી દિલ્હી,તા. ૧૫

આગામી મહિનાથી ટેલિફોન બિલમાં વધારો થવાની શક્યતા છે. કારણ કે તીવ્ર મોંઘવારી વચ્ચે હવે એરટેલ અને વોડાફોન જેવી મહાકાય કંપનીઓએ તેના ટેરિફમાં વધારો કર્યો છે. નવી કંપનીઓ પણ આ દિશામાં આગળ વધીને ટેરિફમાં વધારો કરે તેવી શક્યતા છે. કેટલાક પ્લાનમાં આ બે કંપનીઓએ તેમના ટેરિફમાં વધારો કરી દીધો છે. બન્ને મહાકાય કંપની ભારતીય માર્કેટમાં સંયુક્ત રીતે ૫૨ ટકાની હિસ્સેદારી ધરાવે છે. એરટેલે તેના કેટલાક પ્લાનમાં પ્રતિ કોલ ટેરિફને ૪૫ પૈસાથી વધારીને ૫૦ પૈસા કરવાની જાહેરાત કરી છે. ત્યારબાદ તેના ૨૮ દિવસના મોબાઇલ ઇન્ટરનેટ પેકહવે માત્ર ૨૧ દિવસ સુધી જ માન્ય રહેશે। વોડાફોને તેના ટેરિફમાં વધારો કર્યો છે. અન્ય કેટલીક ટેલિકોમ કંપનીઓ પણ ટેરિફમાં વધારો કરે તેવી શક્યતા દેખાઇ રહી છે. ભારતની ત્રીજી સૌથી મોટી કંપની આઇડિયા સેલ્યુલર અને નાની કંપનીઓ એરસેલ અને યનિનોર પણ ટેરિફમાં વધારો કરવાના મામલે ચર્ચામાં વ્યસ્ત છે. પોતાના ગ્રાહક નેટવર્કને જાળવી રાખીને ટેરિફમાં વધારો કરવાની ગણતરી

ચાલી રહી છે. ભારતની ટોચની ટેલિકોમ કંપનીએ કહ્યું છે કે હેડલાઇન ટેરિફમાં કોઇ સુધારો કરવામા આવ્યો નથી. ડિસ્કાઉન્ટમાં કોઇ ઘટાડો કરવામાં આવ્યો નથી. ભારતની બીજી સૌથી મોટી ટેલિકોમ કંપની વોડાફોને કહ્યું છે કે અમારા મૂળભૂત ટરિફ પ્રમોશન પેકમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યા નથી. આઇડિયા સેલ્યુલરના પ્રવકતાએ કહ્યું છે કે કંપનીએ દેશમાં કોઇ પણ જગ્યાએ તેના ટેરિફમાં વધારો કર્યો નથી. પરંતુ વિચારણા ચોક્કસપણે ચાલી રહી છે. યુનિનોરે કહ્યું છે કે તેની કોઇ પણ પ્રોડક્સ પર ટેરિફમાં વધારો કરવામાં આવ્યો નથી. અગ્રણી ટેલિકોમ ઓપરેટર્સે કહ્યું છે કે પ્રમોશનલ પ્લાનમાં ફેરફાર કરતી વેળા ટ્રાયને જાણ કરવાની બાબત ફરજિયાત નથી. ટેરિફમાં ફેરફાર પ્રવર્તમાન સ્થિતીને ધ્યાનમાં લઇને કરાય છે.

સમાચાર ઝલક

- વપરાશકારોની ઓછી માંગ ઓછા રોકાણકારોને કારણે અર્થતંત્રનો વિકાસ રૂંધાશે.
- ટેલિકોમ ક્ષેત્રે પ્રથમ નંબર મેળવવા રીલાયન્સ આગળ.
- નાઇજીરીયામાં પ્રચંડ વિસ્ફોટ ૭૧નાં મોત.
- ગુજરાતમાં ઇન્ડિયન મુજાહિદ્દીનના સ્લીપર સેલ સક્રિય, પોલીસ પણ એલર્ટ.
- ટેકનિકલ કોલેજોમાં સેમેસ્ટર દીઠ ૧૦ થી ૧૫ હજારની ફી વધારો થવાની શક્યતા.
- પૂર્વ યુક્રેનમાં વણસતી પરસ્થિતિથી યુએનના વડા ચિંતીત.
- અલનીનો ત્રાટકશે તો મોંઘવારી વધુ કાબુ બહાર જશે. ઔદ્યોગિક આંક ઘટશે.
- એરટેલ-વોડાફોન-આઇડિયાએ ભાવ વધાર્યા.
- રિલાયન્સ ૫૫૦૦ કર્મચારીઓને છુટા કરવાની તૈયારીઓમાં.
- શનિવાર મધ્યરાત્રિથી લાયરીડસ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો.
- અમિતાભ બચ્ચને કોન બનેગા કરોડપતિ-૮નો પ્રોમો શુટ કર્યો.
- નવા સત્રથી ધો-૧-૨માં પણ સેમેસ્ટર પ્રથા નવા અભ્યાસકમના પુસ્તકોમાં ભાવવધારો થશે.
- પાણી પુરવઠા બોર્ડના કર્મચારીઓ પડતર પ્રશ્નો અંગે ચૂંટણી બાદ આંદોલન કરશે.
- સરદારની પ્રતિમા માત્ર પ્રચાર પ્રોજેક્ટ. દોઢ વર્ષમાં કામગીરી શૂન્ય. ૪.૩ કરોડનો ખર્ચ થયો.
- ચંદ્ર અને મંગળ યુતિનો અવકાશી નજારો જોવા મળશે. ખગોળીય ઘટના.
- બીન જરૂરી રીતે ડાઇટીંગ ખુબ નુકશાનકારક-સર્વેક્ષણ.
- સૂરતના ૭૦૦ કરોડના હવાલા કૌભાંડમાં અંડરવર્લ્ડ ડોન બબલુને સોપારી અપાઇ હતી.
- સૂરતમાં બની નમો ઘડિયાળ કિંમત રૂ. ૭૫ લાખ. વ્હાઇટ ગોલ્ડન ડાયમંડનો ઉપયોગ.
- જિંદગી ખેલ ખેલ છે તેને ખેલદિલીપૂર્વક રમતાં શીખવું જોઇએ - બાલકૃષ્ણદાસજી સ્વામી
- રાજયભરમાં હનુમાન જયંતિ દબદબાપૂર્વક ધર્મમય વાતાવરણમાં ઉજવાઇ.

રાજસ્થાનમાં મિશન-૨૫ સુધી ભાજપ નહી પહોંચે

નવી દિલ્હી,તા. ૧૫

લોકસભાની ચૂંટણીમાં કેટલાક રાજ્યોમાં જોરદાર સપાટો બોલાવવા માટેની આક્રમક નિતી ભાજપ દ્વારા તૈયાર કરવામાં આવી છે. જો કે હવે રાજકીય પંડિતો માની રહ્યા છે કે રાજસ્થાનમાં મિશન-૨૫માં ભાજપને સંપૂર્ણ સફળતા મળશે નહી. આના માટે કેટલાક કારણો આપવામાં આવી રહ્યા છે. આના માટે જે પરિબળોને જવાબદાર ગણવામાં આવે છે તેમાં મુખ્યપ્રધાન વસુન્ધરા રાજેના જિદ્દ વલણનો સમાવેશ પણ થાય છે. કેટલીક બેઠકો પર તેમની ગણતરી ખોટી સાબિત થઇ શકે છ. પક્ષના ભૂતપૂર્વ શક્તિશાળી નેતા જશવંતસિંહ પ્રત્યે તેમની નારાજગી અને તેમને ટિકિટ નહી આપવાની ભલામણ ભાજપને ભારે પડી શકે છે. જશવંતસિંહ હવે બાડમેરમાંથી અપક્ષ તરીકે ચૂંટણી લડી રહ્યા છે. આ બેઠક પર તેમની સ્થિતી ખુબ મજબુત દેખાઇ રહી છે. રાજે ખુબ મહેનત કરી રહ્યા છે પરંતુ સિંહના સમર્થકો તેમનાથી નાખુશ દેખાઇ રહ્યા છે. અન્ય જે પરિબળો છે તેમાં સિકર અને ઝુંઝનુમાં ઉમેદવારોની ખોટી પસંદગી ભાજપને ભારે પડી શકે છે. હવે સરદાર બુટા સિંહ જેવા બહારના લોકો મેદાનમાં છે. બુટાસિંહ જાલોરમાં સમાજવાદી પાર્ટીની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે. કેટલીક બેઠકો પર ભાજપના સભ્યોમાં પણ ખેચતાણની સ્થિતી દેખાઇ રહી છે. જો કે રાજસ્થાનમાં ચિત્ર દેશના અન્ય રાજ્યો કરતા અલગ છે. અને ભાજપ અને કોંગ્રેસ ક્રમશ સત્તામાં આવે છે. દર પાંચ વર્ષમાં સત્તા બદલાઇ જાય છે.

આજથી આઈપીએલ-૭ની રોમાંચક શરૂઆત

દુબઈ,તા. ૧૪

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા છે તે ઈન્ડિયન પ્રિમિયર લીગની આવતીકાલે રોમાંચક વાતાવરણમાં શરૂઆત થવા જઈ રહી છે. હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૭નો પ્રથમ તબક્કો આ વખતે લોકસભાની ચૂંટણી હોવાના લીધે સંયુક્ત અરબ અમિરાતમાં રમાઈ રહ્યો છે. સંયુક્ત અરબ અમિરાતમાં યોજાનાર પ્રથમ તબક્કાને લઈને તમામ ટીમો પોતપોતાની તૈયારીમાં વ્યસ્ત થઈ છે. બેંગ્લોરની ટીમ સૌથી મજબૂત દેખાઈ રહી છે. આમા બેટિંગ પાવર હાઉસની સ્થિતિ છે જેમાં ક્રિસ ગેઈલ, વિરાટ કોહલી, ડિવિલિયર્સ અને યુવરાજસિંહ જેવા બેટ્સમેન છે જે દર્શાવે છે કે આ ટીમ તમામને ભારે પડશે. વિરાટ કોહલી પોતે હાલ ખુબ શાનદાર ફોર્મમાં છે તે જોતા સંયુક્ત અરબ અમિરાતમાં આ ટીમના દેખાવથી ક્રિકેટ ચાહકો ભારે રોમાંચિત થઈ જાય તેવી શક્યતા છે. ઈન્ડિયન પ્રિમિયર લીગની અન્ય વિશેષતા એ છે કે, આઈપીએલ-૭માં ગુજરાતના ૧૨ ક્રિકેટરો રમી રહ્યા છે.

અગાઉની સિઝન ઉપર નજર કરવામાં આવે તો જાણવા મળે છે કે, દરેક સિઝનમાં ગુજરાતના કોઈ ખેલાડીએ ભવ્ય દેખાવ કર્યો છે. ઈરફાન પઠાણ, યુસુફ પઠાણ, પાર્થિવ પટેલ, વિરેન્દ્ર સહેવાગ, ગૌતમ ગંભીર જેવા બેટ્સમેનો માટે આ શ્રેણી ખુબ જ મહત્વપૂર્ણ સાબિત થશે. વિરેન્દ્ર સહેવાગ કિંગ્સ ઈલેવન પંજાબમાંથ રમનાર છે. ગુજરાતના જે ૧૨ ખેલાડી રમનાર છે જેમાં ઈરફાન, યુસુફ, પાર્થિવ પટેલ સિવાય જયદેવ ઉનડકટ, અક્ષર પટેલ, ચેતેશ્વર પુજારાનો સમાવેશ થાય છે. અક્ષર પટેલ રમજી ટ્રોફીમાં ખુબ સારો દેખાવ કરી ચુક્યો છે. અમદાવાદનો સજપ્રિત બુમરાહ, વડોદરાનો અંબાતી રાયડુ પણ રમનાર છે. હર્ષલ પટેલ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી રમનાર છે. આઈપીએલમાં કુલ ઈનામી રકમ ૩૦ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. ચેમ્પિયન્સ બનનારને ૧૩ કરોડ, રનઅર્સઅપને આઠ કરોડ, ત્રીજા સ્થાન પર આવનારને પાંચ કરોડ મળશે. આ વખતે કુલ આઠ ટીમો મેદાનમાં ઉતરી રહી છે. આવતીકાલે પ્રથમ તબક્કાની પ્રથમ મેચ મુંબઈ ઈન્ડિયન્સ અને કેકેઆર વચ્ચે રમાનાર છે. મુંબઈ ઈન્ડિયન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે રમાનારી મેચને લઈને ભારે ઉત્સુકતા છે. રોહીત શર્મા મુંબઈના કેપ્ટન તરીકે છે જ્યારે ગૌત્તમ ગંભીર કેપ્ટન તરીકેની ભૂમિકામાં રહેશે.

નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

ખુબ ઉદાસ મનથી એ આખી રાત ખાટલામાં પડખાં ફેરવતા રહ્યા. આંખમાં ઊંઘ ક્યાંથી આવે? જ્યાં જરાક ઝોકું આવે તો સપનામાં ઝાડ પર કુહાડીઓ ઝીંકાતી દેખાય અને એ હાંફળાફાંફળા ખાટલામાંથી ઊભા થઇ જાય.

ભડભાંખળું થતાં જ એ હાથ - મોં ધાઇને પોતાની લાકડી લઇ મોટી ડાંફો ભરતા આંબાના ઝાડ તરફ ચાલી નીકળ્યા. હાથમાં લાકડી મજબૂત રીતે પકડી એ ઝાડ નીચે બેસી ગયા. અને ગામમાંથી ઝાડ કાપવા આવનારાની રોહ જોવા લાગ્યા. તેમના ચારે જુવાન છોકરાઓ પણ લાકડીઓ લઇ ખેતરની ઓરડીમાં ચુપચાપ આવીને બેસી ગયા હતા. સૂરજ ઉગતા લખમણ તેનું દળ કટક લઇને ઝાડ કાપવા આવી રહ્યો હતો. લખમણે દૂરથી લીલુછમ્મ ઘટાદાર આંબાનું ઝાડ જોયું ત્યારે ઘડીભર એને પણ એમન થયું કે આવું સરસ ઝાડ કાપવું ન જોઇએ. પણ જયારે તેને રામસંગ ગામના દસ માણસો વચ્ચે કરેલ પોતાના અપમાનની વાત યાદ આવી તો તેના મગજમાં આવેલ સદ્વિચાર કપુરની જેમ ઉડી ગયો.

લખમણ અને તેના સાથીદારોને જોઇને એ લાકડી લઇ ઊભો થઇ ગયા. શિવરામે તેમની તરફ તાકીને લખમણને કહ્યું. 'બાપુ આ ઝાડને મૂળમાંથી જ કઢાવી નાંખજો નહીંતર પાછું ફુટી નીકળશે. મૂળમાંથી કાપીને કાઢી લેશો તો પછી કાયમ માટે તેનો નિકાલ થઇ જશે.' લખમણે પણ તેમને સંભળાવવા કહ્યું. 'શિવા તું ચિંતા ના કર, મને ખબર છે કે રોગ અને દુશ્મનને તો મૂળમાંથી જ કાઢવો પડે.' તેમનાથી આ લોકોની આવી વાતો સાંભલી જતી ન હતી. તેમને પડકાર ફેંક્યો. 'મને આમ શું સંભળાવો છો. તાકાત હોય તો ઝાડને હાથ લગાડી જુઓ.' તેમનો આ દૃઢ અવાજ સાંભળી ઘડીક તો એ બધા ગભરાઇ ગયા. પણ લખમણે તેના માણસોની હિંમત વધારતાં કહ્યું, 'જોઇ શું રહ્યાં છો. ઝાડને કાપવા માંડો. હું પણ જોઉં છું કે સરકારી કામમાં કોણ દખલ કરે છે?' તેથી લખમણના માણસો જોશમાં આવી ઝાડ પર કુહાડીનો ઘા ઝીંકી દીધો. તેમને લાગ્યું કે જાણે કોઇએ તેમને કુહાડીનો ઘા માર્યો હોય. તેમને તરત પાછા ફરી શરીરમાં હતી એ બધી તાકાત એકઠી કરી કુહાડીનો ઘા ઝીકનારના માથામાં લાકડીનો જોરદાર પ્રહાર કર્યો. તેને માથામાં લાકડીનો ઘા વાગતા એ જમીન પર ઢળી પડ્યો. ત્યાં અખાડામાં કસાયેલ શરીરથી તેમને દુશ્મનો પર લાઠી ફેરવવા માંડી. ખેતરની ઓરડીમાં છુપાયેલા તેના છોકરાઓ પણ લાકડીઓ લઇ નીકળી આવ્યા અને ભીડ પર તૂટી પડ્યા. લાકડીઓનાં મારથી લખમણ અને તેના સાથીદારો લોહીલુહાણ થઇ ગયા. ભાગંભાગ થઇ ગઇ તેમાં એક જણે મોકો જોઇને રામજીના માથા પર લાકડીનો જોરદાર પ્રહાર કર્યો. પહેલા ઘા ની તો ખાસ કંઇ અસર ન થઇ પણ એ કાંઇ સમજે એ પહેલાં બીજો જોરદાર ઘા થયો. આ વખતે તે લથડ્યા. પણ ત્રીજો ઘા વાગતાં એ જમીન પર ઢળી પડ્યા. તેમના માથામાંથી લોહી વહેવા લાગ્યું.

તેમના છોકરાઓ દુશ્મનોને મહાત કરવામાં વ્યસ્ત હતા. તેમનું રામસંગ તરફ ધ્યાન જ નહોતું. લખમણના સાથીદારોમાં ભાગંભાગ થઇ ગઇ. લખમણ તો કાણ જાણે ક્યારે ત્યાંથી ગુમ થઇ ગયો. હવે છોકરાઓએ તેના પિતા તરફ જોયું. તેમના માથામાંથી ખૂબ લોહી વહી ગયું હતું. છોકરાઓ રામસંગ ને ખાટલામાં નાંખીને ઘેર લઇ આવ્યા. તેમને જોવા શેરીના લોકો ભેગાં થઇ ગયા. બધા કહેતા હતા. 'આમને જલ્દી દવાખાને લઇ જાવ. તો બીજી તરફ અર્ધબેભાન અવસ્થામાં રામસંગ કહેતો હતો કે 'જો જો કોઇ આંબાને કાપે નહીં' આંબો તો મારો ભાઇ છે... એ અંબાલાલ... અંબાલાલ... મારા ભાઇ.

- vanvihari@gmail.com

મનમોહનસિંહ યુપીએ સરકારમાં સુપર પ્રાઈમ મિનિસ્ટર : પ્રિયંકા

અમેઠી,તા. ૧૫

પ્રિયંકા વાઢેરા ગાંધીએ આજે વરુણ ગાંધી ઉપર ફરી આકરા પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણી વૈચારિક યુદ્ધ છે. કોઇ ફેમિલી ટી પાર્ટી નથી. પ્રિયંકાએ કહ્યું હતું કે, વરુણ ગાંધીને ખુબ સાવધાનીપૂર્વક લોકસભાની ચૂંટણીમાં આગળ વધવું જોઇએ. વર્તમાન ચૂંટણીમાં વરુણ ભાજપની ટિકિટ ઉપર ચૂંટણી લડી રહ્યો છે. સુલ્તાનપુરમાંથી ભાજપના ઉમેદવાર તરીકે વરુણ ગાંધીએ ઉમેદવારીપત્ર દાખલ કરી દીધા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા પ્રિયંકાએ કહ્યું હતું કે, આ કોઇ ફેમિલી ટી પાર્ટી નથી વિચારોની આ લડાઈ છે. આ બાબત ક્યારેય ભુલવી જોઇએ નહીં. આ બાબત ખુબ ભારે પડી શકે છે. પ્રિયંકાએ કહ્યું હતું કે, તે એવા વિડિયો લીક થવાથી અપસેટ નથી જેમાં તે કહી રહી છે કે, વરુણ રસ્તો ભુલી ગયા છે. પ્રિયંકાએ કહ્યું હતું કે, તેના સૂચનો લીક થઇ ગયા બાદ વરુણ સાથે વાત કરી નથી. બીજી બાજુ પ્રિયંકા વાઢેરાએ અન્ય મુદ્દાઓ ઉપર પણ વાત કરી હતી. અને કહ્યું હતું કે, મનમોહનસિંહ યુપીએ સરકારમાં સુપર પ્રાઈમ મિનિસ્ટર તરીકે હતા. સંજય બારુના પુસ્તકના મામલે ભારે હોબાળો મચેલો છે ત્યારે પ્રિયંકાએ આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. સંજય બારુના નવા પુસ્તકમાં વડાપ્રધાનની રાજકીય સત્તા સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. પોતાના ભાઈ રાહુલ ગાંધીના મતવિસ્તાર અમેઠીમાં ચૂંટણી પ્રચાર કરતા ૪૨ વર્ષીય પ્રિયંકાએ પુસ્તકમાં કરવામાં આવેલા દાવા બાદ મુશ્કેલીનો સામનો કરી રહેલા કોંગ્રેસ પાર્ટીઓના નેતાઓનો બચાવ કર્યો હતો. પુસ્તકમાં દાવો કરવામાં આવ્યો હતો કે, સોનિયા ગાંધી યુપીએ સરકારમાં રિમોટ કન્ટ્રોલ તરીકે હતા. સિંહ સોનિયાના ઇશારે ચાલી રહ્યા હતા. પ્રિયંકાએ વડાપ્રધાનના પૂર્વ સાથી દ્વારા કરવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં પ્રિયંકાએ કહ્યું હતું કે, મનમોહનસિંહ સુપર પીએમ તરીકે છે.